Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સને ૯૧/૯૨

પુસ્તક : ૮૯
સનં: ૧૯૯૧-૯૨
સંવત: ૨૦૪૮-

A "BABY HORSE" PRODUCT
BHAVNAGAR

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

✱

ધર્મ તેનું નામ છે કે જેના વડે ચૈતન્ય તત્ત્વનું ધારણ, પોષણ અને શોધન થાય. એ ધર્મ સહુને સુખાકારી છે. કોઈ એકને જ સુખકારી નથી. ધર્મ એ સાર્વજનિક વસ્તુ છે.

✱

પુસ્તક : ૮૯
અંક : ૧-૨

કારતક-માગશર
નવેમ્બર-ડીસેમ્બર
૧૯૯૧

આત્મ સંવત ૯૬
વીર સંવત ૨૫૧૮
વિક્રમ સંવત ૨૦૪૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી ગૌતમાષ્ટક સ્તોત્ર | — | ૧ |
| ૨ | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | સંકલન હીરાલાલ બી. શાહ | ૩ |
| ૩ | વ્યુત્સર્ગ તપનું વિરાટ રૂપ | લે પૂ. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ સા.<br>સંપાદક : કુમારપાળ દેસાઈ | ૫ |
| ૪ | ભવસાગર તરવા નવ નાવા નૌકા-૬ | વ્યાખ્યાતા : પૂ પ. પ્રદ્યુમ્નવિજયજી ગણી. | ૧૨ |
| ૫ | સમાચાર | — | ૧૯ |


## આ સભાના નવા આજીવન સભ્ય

**(૧) શ્રી મનિષકુમાર રસીકલાલ મહેતા–ભાવનગર**
**(જૈન જવેલર્સવાળા)**

**(૨) શ્રી ભદ્રેશકુમાર કનૈયાલાલ શાહ–ભાવનગર**
**(મીણબત્તીવાળા)**

**(૩) શ્રી જીગ્નેશ કનૈયાલાલ શાહ–ભાવનગર**
**(મીણબત્તીવાળા)**

## આવતો અંક

"શ્રી આત્માનંદ પ્રકાશ" નો આવતો અંક તા ૧૬ ૨-૯૨ ના રોજ બે માસનો સંયુક્ત અંક બહાર પડશે, ત્યારબાદ કાગળો અને પ્રીન્ટીંગના ખૂબ જ ભાવો વધારાથી "શ્રી આત્માનંદ પ્રકાશ" બે માસે સંયુક્ત અંક તરીકે ૧૬ મી તારીખે પ્રગટ થશે.

— તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્‌તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ., બી. કોમ, એલ. એલ બી.



## શ્રી ગૌતમાષ્ટક સ્તોત્ર

(પ્રાચીન સંસ્કૃત ગૌતમાષ્ટકનો હિન્દી પદ્ય ભાવાનુવાદ કરનાર
શ્રી રંગમુનિજી તેના ઉપરથી ગુજરાતી રૂપાન્ત -કે. જે દોશી)

(૧)

ઇન્દ્રભૂતિ વસુભૂતિ નંદન, પૃથ્વી માતા છે પ્યારી,
ગૌતમગોત્ર કુલો-પન્ન સુન્દર દેહ છવિ જેની છે ભારી;

દેવ-અસુર-માનવ ભૂપતિગણ,
સહુ સ્તુતિ કરે છે ભાવ ધરી,

વાંછિત ફલ દાતા ગુરુ ગૌતમ
જય બોલો સહુ હર્ષ ધરી.

(૨)

ઉત્પાદ-ધ્રૌવ્ય-વ્યય જ્ઞાન ત્રિપદી વર્ધમાનથી પ્રાપ્ત કરી,
મુહૂર્ત માત્રમાં રચના કરીને પ્રકરત જ્ઞાન-વિજ્ઞાન કરી;
ચૌદ પૂર્વની અંગ નિર્મિત કરી એ ભાવ ધરી,
વાંછિત ફલદાન ગુરુ ગૌતમ જય બોલો સહુ હર્ષ ધરી.

(૩)

વીરપ્રભુના સમવસરણમાં ગણધર પદકો પ્રાપ્ત કર્યું,
સૂરી મન્ત્રનો આશ્રય પામી આનન્દ સુખને પ્રાપ્ત કર્યું;
મુનિ ગુણી આચાર્ય પ્રવર સહુ સમરે છે ભાવ ધરી,
વાંછિત ફળ દાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી.

For Private And Personal Use Only

(૪)

જેનું મંગલ નામ સ્મરીને ભિક્ષા માટે જાયે અણગાર,
કમી નહિ રહતી અન્નજલની અસન, વસ્ત્ર, સુમિષ્ટ આહાર;
પૂર્ણ કામના સહુની થાયે દૃઢ ભાવોને હૃદય ધરી,
વાંછિત ફળદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી.

(૫)

અષ્ટપદ પહોંચ્યા છે જે નિજ શક્તિથી કરી વ્યોમ વિહાર,
જિનપદ વન્દન ભાવ સહિત કરવા મનમાં હર્ષ અપાર;
ઇન્દ્રો પાસે તીર્થ મહિમા સુણીને પહોંચ્યા ગૌતમ ભાવધરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી.

(૬)

પંદરસો તાપસ ત્યાં જોયા, તપ કરી દુર્બલ થયું શરીર,
શાન્ત ભાવથી શુદ્ધ સાધના સુંદર વહે છે મંદ સમીર;
અક્ષીણ લબ્ધિથી ખીર પિાઇને સંતોષીને પીડ હરી;
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી.

(૭)

સંતુષ્ટ થયા તાપસગણ જ્યારે ચાલીને સમ ાસરણમાં પધાર્યા,
દર્શન કરીને વીરપ્રભુના પામ્યા કેવલપદને પ્યારા;
સાધર્મી સેવાનો બહુ લાભ લીધો છે પ્રેમ ધરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી.

(૮)

વીરપ્રભુ જબ મોક્ષ પધાર્યા ગૌતમ કેવલી પદને પાયા,
યુગપ્રધાન પદ સ્થાપન કરીને સુરગણ મનમાં હરખાયા,
જિન શાસનનો મહિમા વધાર્યો, મોક્ષ લક્ષ્મીને સ્વયં વરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી,

પ્રશસ્તિ

ભક્તિભાવથી પાવન થઇને જે ગુરુ ગૌતમના ગુણ ગાશે,
રિદ્ધિ-સિદ્ધિ-સુખ સંપદા પામી જીવન સફળ તે સહુ થાશે;
'રંગ મુનિ' ગુરુ ગૌતમ ગુણની પુષ્પમાલા તૈયાર કરી,
વાંછિત ફલદાતા ગુરુ ગૌતમ, જય બોલો સહુ હર્ષ ધરી.

# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

સંકલન : હીરાલાલ બી. શાહ

શ્રી જૈન આત્માનંદ સભાએ જ્ઞાન પ્રદીપનું એક નાનું વિદ્યામંદિર છે શ્રી જૈન આત્માનંદ સભાની સ્થાપના વિ. સં. ૧૯૫૨ ના બીજા જેઠ સુદિ બીજ તા. ૧૩-૬-૧૮૯૬ ના પવિત્ર દિવસે કરવામાં આવી હતી. વિ. સં. ૧૯૫૯ ના અષાઢ સુદિ પાંચમના પવિત્ર દિવસે શ્રી આત્માનંદ પ્રકાશ નામનું માસિક શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો અને વિ. સં: ૧૯૫૯ ના શ્રાવણ માસમાં પ્રથમ અંક પ્રકાશિત કરવામાં આવ્યો. શ્રી આત્માનંદ પ્રકાશ માસિક ૮૮ વર્ષો પૂરા કરીને ૮૯ માં વર્ષમાં પ્રવેશ કરે છે. તે આપણાં બધાને માટે ખૂબ જ ગૌરવનો વિષય છે.

શ્રી આત્માનંદ પ્રકાશ કોઇ પણ પ્રકારની જાહેર ખબર લીધા સીવાય, જૈન દર્શન, જૈન સાહિત્ય અને જૈન ઇતિહાસના લેખો રજુ કરીને તેનો યથાશક્તિ પ્રચાર કરે છે.

પૂ. ગુરુ ભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો, વિદ્વાન ભાઈઓ અને બહેનો પોતાના લેખો નિયમિત મોકલતા રહે તે માટે વિનંતી કરવામાં આવે છે.

## —: શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની અન્ય પ્રવૃત્તિઓ :—

૧ આ સભા પોતાના જ મકાનમાં "સાર્વજનિક ફ્રી વાંચનાલય" ચલાવે છે. અનેક દૈનિક છાપાઓ દરરોજ નિયમીત વાંચવા માટે મુકવામાં આવે છે. તે ઉપરાંત ધાર્મિક અને અન્ય માસિકો વાચવા માટે મુકવામા આવે છે. સુંદર, સ્વચ્છ, અને આધુનિક સગવડવાળા આ વાંચનાલયનો અનેક જૈન અને જૈનેતરો ભાઇઓ સારો લાભ લે છે.

૨ છાપેલી ધાર્મિક પ્રતો અને ધાર્મિક પુસ્તકો, સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી અને ગુજરાતીના અત્યંત ઉપયોગી પુસ્તકોનો સંગ્રહ જેમાં છે તેવી લાઇબ્રેરીનું સંચાલન કરે છે. આ લાઇબ્રેરીનો લાભ પૂ. ગુરુ ભગવંતો અને પૂ. સાધ્વીજી મહારાજો ચોમાસા દરમ્યાન અભ્યાસ કરવા માટે સારા પ્રમાણમાં લે છે. જૈન અને જૈનેતર ભાઇઓ અને બહેનો પણ આ લાઇબ્રેરીનો લાભ સારા પ્રમાણમાં લે છે.

૩ ધાર્મિક પુસ્તકોનું ભારતના દરેક પ્રદેશોમાં વેચાણ કરે છે.

૪ શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘના કોલેજમાંજ ભણતા જરૂરીયાતવાળા વિદ્યાર્થી ભાઇઓને શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે. ગત વર્ષમા કુલ ૨૧ વિદ્યાર્થી ભાઇઓને રૂા ૩૭૫૦ અંકે રૂા. ત્રણ હજાર સાતશો પચાસની શિષ્યવૃત્તિ આ સભા તરફથી આપવામાં આવેલ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫ શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી S. S. C. ની પરીક્ષામાં સંસ્કૃત વિષય લઈને સંસ્કૃતમાં ૮૦ ટકા અથવા તેનાથી વધારે માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને પારિતોષિક ઇનામો આપવામાં આવે છે. S. S. C. ની પરીક્ષામાં સંસ્કૃતમાં સારા માર્કસ મેળવનારને પ્રોત્સાહિત કરવા માટે ગત વર્ષમાં કુલ ૧૫ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને કુલ રૂા. ૯૭૫ ના ઇનામો આપવામાં આવ્યા હતા.

૬ ગત વર્ષમાં ચાર તીર્થયાત્રા કરવામાં આવી હતી. તીર્થમાં ખૂબ જ આનંદ અને ભક્તિપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સવાર-સાંજ ગુરુભક્તિ તેમ જ આવેલ સભ્યોની સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

૭ ગત વર્ષમાં આસો સુદ દશમને દિવસે આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે સભાના હોલમાં ભક્તિપૂર્વક શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી. પ્રભાવનાં કરવામાં આવી હતી.

૮ ગત નૂતન વર્ષના દિવસે સવારના ૯-૩૦ થી ૧૧-૦૦ સુધી સભ્યોનું સ્નેહ મિલન રાખવામાં આવેલ હતુ તેમજ દુધ પાર્ટી રાખવામાં આવેલ હતી. કાર્તિક સુદ પાંચમના દિવસે સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવ્યા હતા, જ્ઞાનની પૂજા કરવામાં આવી હતી. અનેક ભાવિકોએ દર્શનનો ખૂબ જ સારો લાભ લીધો હતો.

૯ આ સભાના ઉપરના હોલનો ઉપયોગ રૂા. ૬૦ ભેટના લઈને બેવિશાળના શુભ પ્રસંગ માટે, કોઈ પણ પ્રકારના ઠંડા પીણા કે ચા, કોફી વગેરે ન આપવાની શરતે આપવામાં આવે છે જૈન સમાજના ઘણા ભાઈઓએ તેનો સારો લાભ ગત વર્ષમાં લીધો હતો.

૧૦ ગત વર્ષમાં પણ આ સભાનો ઉપરનો હોલ પર્યુષણ પર્વ દરમ્યાન સમૂહ પ્રતિક્રમણ કરવા માટે અને ધાર્મિક શિબિરો માટે ફ્રી આપવામાં આવ્યો હતો.

"દ્વાદશારં નયચક્રમ્" ભાગ ૧, ૨, ૩, ના સંપાદક પરમ પૂજ્ય જ્ઞાનતપસ્વી, દર્શન પ્રભાવક, શ્રુતસ્થવિર મુનિપ્રવર શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ છે. આ અજોડ અને અમૂલ્ય ગ્રન્થના ત્રણે પુસ્તકોનું પ્રકાશન શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરે કરેલ છે, જે ત્રણે પુસ્તકોની કુલ કિંમત રૂા. ૨૪૦ છે.

પ. પૂ. ગુરુ ભગવંતો, પૂ. સાધ્વીજી મહારાજો, આ સભાના કાર્યવાહકો, પેટ્રન સાહેબો, આજીવન સભ્યો, વિદ્વાન લેખકો અને લેખિકાઓ, અને સભાના હિતેચ્છુઓએ જે સાથ અને સહકાર આપેલ છે તે બધાનો ખૂબ જ આભાર માનવામાં આવે છે નૂતન વર્ષ આપ સર્વેને આનંદમય, સુખ, શાન્તી-આરોગ્ય વર્ધક, ધર્મવર્ધક, સ્વાધ્યાયલક્ષી અને આત્મ કલ્યાણમય બનો તેવી પરમાત્માને પ્રાર્થના છે.

"જૈનમ્ જયતિ શાસનમ્"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યુત્સર્ગ-તપનું વિરાટ રૂપ

: મૂળ લેખક :
પૂ. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ. સા.

: અનુવાદક :
ડૉ. કુમારપાળ દેસાઈ

**આ**ભ્યન્તર તપનો છઠ્ઠો ભેદ છે વ્યુત્સર્ગ. આ વ્યુત્સર્ગ-તપ અત્યંત કઠિન તપ છે. માતા પોતાના પુત્રોને માટે ભૂખ, તરસ કે ઠંડી-ગરમી સહન કરી લે, પરંતુ એની પાછળ એનું વાત્સલ્ય રહેલું હોય છે. આને તપની કોટિમાં મૂકી શકાય નહીં. એક વેપારી ધનપ્રાપ્ત માટે કેટલીયે રાત્રિના ઉજાગરા વેઠે. એક રાજા પોતાના રાજ્ય વિસ્તાર માટે પ્રાણની આહુતિ આપે અથવા તો કોઈ કામી પુરુષ પોતાની પ્રેમિકાની પાછળ પાગલ થઈને પતંગિયાની માફક કામ-વાસનાની આગમાં પોતાના પ્રાણનું બલિદાન આપી. દે આ બધાને તપ એ માટે કહેવાય નહીં, કારણ કે એની પાછળ રાગ. આસક્તિ કે મોહ રહેલા હોય છે. મોહાંધ બનેલો માનવી પોતાનું શરીર, સંપત્તિ, જમીન જાયદાદ, પોતાના સગાવહાલા, પુત્ર અને પત્નીને પણ એક ક્ષણમાં તજી દે છે. પણ આને તપ કહેવાય નહીં.

તપની પાછળ એક નિશ્ચિત ઉદ્દેશ અને વિશુદ્ધ ભાવના હોય છે. એમાં રાગ, મોહ, આસક્તિ, સ્વાર્થ, કામના કે યશની લિપ્સાને કોઇ અવકાશ હોતો નથી. આ બધાને પાર કરીને શરીર અને શરીર સંબંધી જડ અને ચેતન વસ્તુઓનું મમત્વ તજવું, સમય આવે 'इदं न मम' કહીને અથવા તો अप्पाणं 'वोसिरामि' (પોતાની મનાતી અને ગણાતી ચીજેનો વ્યુત્સર્ગ કરું છું) કહીને ક્ષણ માત્રમાં જીર્ણ વસ્ત્રની માફક અથવા તો સર્પ જેમ કાચળી છાંડ છે તે રીતે છોડી દેવું તે વ્યુત્સર્ગ છે.

માત્ર કોઇ ચીજવસ્તુને છોડવી તેનું નામ વ્યુત્સર્ગ નથી કોઇ પણ ચીજને છોડવી તેનું નામ વ્યુત્સર્ગ હોત તો મનુષ્ય શરીર મળ, મુત્ર, મેલ આદિ મલિન વસ્તુઓનો ઉત્સર્ગ કરે છે તેને પણ વ્યુત્સર્ગ કહેવું જોઈએ. સડેલી ચીજો ફેંકી દેવી કે મકાનમાંથી કચરો કાઢવો તે પણ વ્યુત્સર્ગ કહેવાય. હકીકતમાં આ વિશેષ ઉત્સર્ગ અર્થાત્ મમત્વથી રહિત કે કષાય-વિજય સહિતનું ઉત્સર્ગ નથી. માત્ર એને નિરુપયોગી માનીને ફેંકી દેવામાં આવે છે. જો તમને એમ ખ્યાલ આવે કે આ મળમૂત્રમાથી સોના જેવું ખાતર તૈયાર થઇ શકે તેમ છે અન એ ખાતર ખેતરમાં નાખવાથી ચાર ગણું અનાજ ઊગાડી શકાય છે તો તમે એને મમતાપૂર્વક સંગ્રહીત કરી રાખશો.

પોતાના પરિવારને માટે સુખ સુવિધાનો ત્યાગ કરવો તે પણ ઉત્સર્ગ કહેવાય નહી, દેશની રક્ષા માટે, સામાજિક સંકટના નિવારણ માટે, વિશ્વના પ્રાણીઓના દુઃખો દૂર કરવા માટે નિઃસ્વાર્થ ભાવે જો પોતાનું શરીર, સંઘ, સુખસામગ્રી, કષાય, ભોજનપાણી, સંસાર વગેરે છોડવામાં આવે તો તે વ્યુત્સર્ગ કહેવાય છે. ઇસ્લામ ધર્મમાં આને



For Private And Personal Use Only

'કુરબાની' કહેવામાં આવે છે. વૈદિક ધર્મમાં આને ઉત્સર્ગ, બલિદાન કે સર્વસ્વ સમર્પણ કહેવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મમાં એને 'સેક્રીફાઇસ' કહે છે. આને માટે ગમે તે શબ્દ વપરાય, પરંતુ એની પાછળનો ભાવ તો એક જ હોય છે. એ બીજી વાત છે કે સમય જતાં એ ધર્મના સ્વાર્થાંધ લોકોએ પોતાના ક્ષુદ્ર સ્વાર્થને ખાતર એનો ખોટો અર્થ કર્યો હોય. કુરબાનીનો અર્થ છે પોતાની આહુતિ અથવા તો પોતાની પ્રિય વસ્તુનું ખુદાને સમર્પણ. આમાં કોઈ નિર્દોષ જીવની કતલની વાત તો ક્યાંય આવતી નથી ! આવી રીતે પહેલાં ભારતવર્ષમાં નિર્દોષ પશુઓનો બલિ ચઢાવાતો હતો, પરંતુ સમય જતાં એ પ્રથા સર્વથા બંધ થઈ પરંતુ આજે ફરી દેવદેવીઓની સમક્ષ એમને નામે બકરાઓ અને ભેંસો વગેરેનો બલિ ચઢાવવામાં આવે છે. ધર્મને નામે થતો આ અધર્મ છે. હકીકતમાં બલિ આપવાનો હતો કામક્રોધાદિ પશુઓનો અને હોમ કરવાનો હતો અજ્ઞાન – મોહ આદિ કષાયોનો, પરંતુ સ્વાર્થી માણસોએ અર્થનો અનર્થ કરીને એક મિથ્યા પરંપરા ઊભી કરી.

આમ વ્યુત્સર્ગનો અર્થ સમય આવે પોતાનું શરીર, પોતાનો સંઘ, પોતાની સમસ્ત સામગ્રી (ઉપધિ) તથા પોતાના શુભાશુભ કર્મોને છોડવા કુરબાન કરવા, બલિદાન, ન્યોછાવર કે સમર્પિત કરી દેવા.

બીજા શબ્દોમાં કહીએ તો આપણા પર આવતા સંકટો કે ઉપસર્ગને સમયે ધર્મ પર દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ. સત્ય કે સિદ્ધાંતને ખાતર અથવા તો અન્ય પર આવતી આપત્તિમાં એમના રક્ષણને માટે શરીર કે શરીર સંબંધિત વસ્તુઓ, સગાસંબંધી આદિ ચેતન અથવા તો મકાન, દુકાન, ધન, જમીન-જાયદાદ, આહાર-પાણી જેવા જડ પદાર્થોને છોડવા એ જ રીતે રાગ, દ્વેષ, કષાય, વિષયવાસના, મોહ, ઘૃણા જેવા શરીર સાથે સંબંધ દુર્ભાવ અથવા તો શરીરને અનુલક્ષીને થતી અશુભ ક્રિયાઓ, દુષ્પ્રવૃત્તિઓ આદિ પરથી મમત્વ છોડી દેવું અથવા તો એનો સંપૂર્ણ ત્યાગ કરવો એને વ્યુત્સર્ગ કહે છે. વ્યુત્સર્ગ ત્યારે જ તપ બને કે જયારે એની પાછળ કોઇ સ્વાર્થ, પ્રલોભન, ભય, વાસના કે કામના ન હોય.

## આત્માનું સ્વ-રાજ્ય

આપણી દૃષ્ટિ સાંસારિક પદાર્થોમાં આસક્ત હોય છે આથી સંસારના પદાર્થો રમણીય લાગે તે રાગ છે. રાગને કારણે આત્મા મમત્વ બુદ્ધિમાં ખૂપી જાય છે. કાઇ પણ વસ્તુને જોવી, સાંભળવી, સુંઘવી, સ્પર્શવી કે ચાખવી તે પાપ નથી પરંતુ પ્રત્યેક શરીર ધારીને માટે આવું કરવું અનિવાર્ય પણે આવશ્યક હોય છે. પછી તે ભલે પંચ મહાવ્રતધારી સાધુ કેમ ન હોય ! શરીર છે ત્યાં સુધી જોવાની, સાંભળવાની, ચાખવાની, સ્પર્શવાની આદિ ક્રિયાઓ થતી રહે છે પરંતુ જ્યારે આપણે મનવાંછિત વસ્તુને જોઇને એના પર આસક્ત થઈએ છીએ. મધુર કર્ણપ્રિય શબ્દો સાંભળીને મુગ્ધ થઈ ઉઠીએ છીએ. સ્વાદિષ્ટ વાનગી ચાખ્યા પછી તેને અધિક પામવા માટે આતુર બની જઈએ છીએ. કોમળ અને ગલીપચી કરે તેવી વસ્તુને સ્પર્શ કરી મોહિત થઈ જઈએ છીએ. તે રાગ છે. કોઇ સુગંધીત પદાર્થની મહેંક અનુભવતા વિભોર બની જઈએ છીએ. અથવા તો કોઇ કુરૂપ વસ્તુ જોતાં ઘૃણા કરવા માંડીએ છીએ નિંદા કે અપશબ્દ જેવા કર્ણકટુ શબ્દો સાંભળીને ધુંઆપુંઆ થઈ જઇએ છીએ. આ કડવી કે બેસ્વાદ ચીજને ચાખતા જ થૂ થૂ કરવા માંડીએ છીએ. કર્કશ અને ખરબચડી વસ્તુનો સ્પર્શ થતાં અકળાઈએ છીએ અને બદબૂ ધરાવતા પદાર્થોની દુર્ગંધ નાકમાં પડતાં જ મોંઢું મચકોડવા માંડીએ છીએ. આ બધામાં રાગ દ્વેષની પરિણતિ થાય છે.

રાગદ્વેષની પરિણતિથી કર્મબંધન થાય છે. આમ વ્યુત્સર્ગ તપમાં એક બાજુ બાહ્ય વસ્તુઓને ત્યજવાનો અભ્યાસ કરવો પડે છે. આનો અર્થ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલો કે આપણે અન્ય કોઇ વ્યક્તિ દુઃખ, હેરાનગતિ, સંકટ કે મુસીબતમાં પડી હોય ત્યારે આપણે જેને આપણી પ્રિયમાં પ્રિય વસ્તુ માનતા હોઇએ તેને છોડવાનો અભ્યાસ કરવાનો હોય છે. એ વસ્તુ તરફ મમત્વ બુદ્ધિ રહિત થઇને નિઃસ્વાર્થ અને નિસ્પૃહ ભાવના સાથે ત્યાગ કરવો પડે છે.

બીજી બાજુ જે વસ્તુ આપણી પોતાની નથી અથવા તો આપણને આધીન નથી એને જોઇને. સાંભળીને, સૂંઘીને, સ્પર્શ કરીને અથવા તો ચાખીને રાગ દ્વેષ પેદા કરીએ છીએ. પરિણામે એમાંથી કષાય ભાવના અને વિષયવાસના જાગે છે- એ મેળવવા માટે લડાઇ - ઝઘડા થાય છે. આમ મનની એ વસ્તુ તરફની રાગ કે દ્વેષની દુર્ભાવના વાણી કે શરીર ચેષ્ટા દ્વારા પ્રગટે છે. આથી આવી પરાશ્રિત વસ્તુઓ પ્રત્યે રાગદ્વેષ, કષાય અને વિષયાસકિત વગેરેનો ત્યાગ કરવો પડે છે. આનો અર્થ જ એટલો કે વ્યુત્સર્ગ તપ દ્રવ્ય અને ભાવ બંને રૂપે કામ કરે છેઃ આ તપથી જ આત્મા શરીર સાથે જોડાયેલી વિરાટ સેનાને જીતી શકે છે. અન્યથા આત્મા શરીરની એ ફોજ આગળ હારી જશે.

વ્યુત્સર્ગ તપ આત્માને શરીરની ગુલામીમાંથી મુકત કરીને સ્વરાજ્ય અપાવે છે. આત્માનું રાજ્ય સ્વતંત્ર હતું પણ એના પર શરીરે ધીરે ધીરે પોતાનું પ્રભુત્વ જમાવીને આત્માને પરતંત્ર બનાવી દીધો. હવે એ આત્મા વ્યુત્સર્ગ તપની દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની તાલીમ લઇને અને એ તપના પ્રયોગ કરીને સ્વતંત્ર બની શકે છે. આવી સ્વતંત્રતાનો અનુભવ આત્માને વ્યુત્સર્ગ તપ દ્વારા જ થઇ શકે છે.

## આસક્તિની આળપંપાળ

વાસ્તવમાં જોઈએ તો શરીર અથવા અન્ય કોઇ પણ વસ્તુમાં રાગ કે દ્વેષ હોતા નથી. બલ્કે એ તો વ્યકિતમાં વસે છે. જો વસ્તુમાં જ રાગ કે દ્વેષ ભરેલા હોય તો વીતરાગને પણ એનો સ્પર્શ થતાં રાગદ્વેષ પેદા થાત, પણ એવું બન્યુ નથી. વીતરાગ પ્રભુ વ્યુત્સર્ગ-તપના દીર્ઘ-અભ્યાસથી વસ્તુ પ્રત્યેના રાગ અને દ્વેષને સર્વથા મિટાવી ચૂકયા છે. હવે જ્યારે એ સિદ્ધ થાય છે કે વસ્તુમાં રાગદ્વેષ છે નહિ તેમ જ એનામાં રાગદ્વેષ ઉત્પન્ન કરવાની શકિત પણ નથી. હકીકતમાં તો વ્યક્તિ પોતે જ એ વસ્તુને સારી કે ખરાબ માનીને પોતાનો રાગ કે દ્વેષ પ્રગટ કરે છે. આથી વ્યક્તિ જ એ રાગ કે દ્વેષને દૂર કરી શકે છે એને હટાવવાનો ઉપાય છે વ્યુત્સર્ગ-તપની દ્રવ્ય અને ભાવ બંને રૂપે સાધના.

બીજી એક એવી પણ વાત છે કે એક જ વસ્તુ પ્રત્યે એક વ્યકિતના હૃદયમાં રાગ પેદા થાય છે અને એ જ વસ્તુ પ્રત્યે બીજી વ્યકિતના હૃદયમાં દ્વેષ જાગે છે વિષ્ટા આપણને ધૃણાજનક લાગે છે, પરંતુ સૂવરને માટે મનવાંછિત ભોજન છે. કડવો હોવાને કારણે જે લીંમડો આપણને પસંદ નથી તે ઊંટને મળે તો એ લીમડાને લહેરથી ખાશે. આમ રાગ કે દ્વેષ પદાર્થમાં નથી બલ્કે વ્યકિતની સારી-ખોટી દૃષ્ટિમાં છે પદાર્થ તો જડ છે. એનામાં વળી એટલી બધી તાકાત કયાંથી હોય કે એ રાગ કે દ્વેષ પેદા કરી શકે? જો જડ પદાર્થના હાથમાં આ શકિત પહોંચી જાય તો તેઓ આખી દુનિયા પર કાબૂ મેળવે અને આવું થાય તો ચેતન એનો ગુલામ બની જાય. ચેતનમાં જે અનંત શકિત છે તેનું શું થાય?

ખરી વાત એ છે કે આત્મા જ વિરાટ શકિત ધરાવે છે એ પોતે જ પોતાનો નિયંતા, કર્તા અને ભોકતા છે. પરંતુ આજે એની એ વિરાટ શકિત જડપદાર્થોના સંસર્ગમાં આવતા રાગ અને દ્વેષની પળોજણમાં પડી ગઇ છે. એ પોતાની જાતને સંભાળે અને વ્યુત્સર્ગ તપનો આશરો લે તો જડ પદાર્થોના ચક્કરમાંથી છૂટી શકે છે.

જડ હોય કે ચેતન પણ એમના પ્રત્યેના રાગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વેષ આત્મા પર સવાર થઈ જાય તો આત્માને નચાવે છે, એ હસાવે પણ છે અને રડાવે છે. એક પુત્ર ઝંખતી માતા પુત્ર જન્મથી ખૂબ આનંદિત થાય છે એને લાડ-પ્યાર આપીને ખવડાવે-પીવડાવે છે, પરંતુ એ બાળક અચાનક મૃત્યુ પામે તો એ જ એને રડાવે છે. અજ્ઞાનવશ આત્મા પ્રિય વસ્તુને પોતાની માનીને ખુશ થઈને હસતો હોય છે અને એ જ એના વિયોગમાં રડતો હોય છે અથવા તો અપ્રિય વસ્તુ સામે આવતા અપ્રસન્ન બની જતો હોય છે રાગદ્વેષના આ કુચક્રમાંથી બહાર કાઢનારું વ્યુત્સર્ગ-તપ છે.

મહાપુરુષોએ આ તપની આરાધના કરવા માટે બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારની વસ્તુઓનો ત્યાગ કરવાનું કહ્યું છે. બાહ્ય વસ્તુઓમાં ગણ, શરીર, ઉપધિ આહાર વગેરેનો ત્યાગ કરવાનો હોય છે આને દ્રવ્ય-વ્યુત્સર્ગ કહે છે. આભ્યંતર વસ્તુઓમાં કષાય, કર્મ, રાગદ્વેષ આદિનો ત્યાગ કરવાનો હોય છે આને ભાવ-વ્યુત્સર્ગ કહે છે.

આ દૃષ્ટિએ વ્યુત્સર્ગ-તપના મુખ્યત્વે સાત પ્રકાર છે (૧) શરીર-વ્યુત્સર્ગ (૨) ગણ-વ્યુત્સર્ગ (૩) ઉપધિ-વ્યુત્સર્ગ (૪) ભક્તપાન-વ્યુત્સર્ગ (૫) કષાય-વ્યુત્સર્ગ (૬) સંસાર-વ્યુત્સર્ગ અને (૭) કર્મ-વ્યુત્સર્ગ.

આમાંના પ્રથમ ચાર ભેદનો દ્રવ્ય-વ્યુત્સર્ગમાં અને પછીના ત્રણ ભેદનો ભાવ વ્યુત્સર્ગમાં સમાવેશ થાય છે.

## ૧. શરીર-વ્યુત્સર્ગ

શરીર-વ્યુત્સર્ગમાં શરીર અને શરીરથી સંબંધિત તમામ જડ અને ચેતન વસ્તુઓના વ્યુત્સર્ગનો સમાવેશ થાય છે. મનુષ્યને પોતાનું શરીર સૌથી વધુ પ્રિય હોય છે અને એને પરિણામે જ મનુષ્ય આટલી બધી પછડાટ ખાતો હોય છે. શરીરની સાથોસાથ એને પરિવારનું મમત્વ થાય છે અને પોતાના પરિવારને માટે એ મરવા કે મારવા તૈયાર થઇ જતો હોય છે. શરીરના મમત્વને પરિણામે જ મકાન, દુકાન, સુખસાધન, ધનસંપત્તિ, જમીન-જાયદાદ વગેરેનું મમત્વ અનુભવે છે આથી જ શરીર અને શરીરથી સંબદ્ધ એવી તમામ જડ અને ચેતન વસ્તુઓ પ્રત્યેથી મમત્વને અળગું કરવું તે જ શરીર-વ્યુત્સર્ગનું રહસ્ય છે. શરીર-વ્યુત્સર્ગના અભ્યાસને કારણે જ મનુષ્ય ઘણી વાર અન્યના હિત કે સુખ માટે સર્વસ્વની આહુતી આપતા અચકાતો નથી.

સુરતની તાપી નદીમાં એક વાર ભયંકર પુર આવ્યું હતું. પુરના ઉછળતા પાણીમાં મનુષ્ય અને પશુઓ ડૂબી રહ્યા હતા. આવે સમયે કિનારા પર ઊભેલા દાદાભાઈ પાંડેએ આ જોયું અને એમનાથી રહેવાયું નહીં. તેઓ કુશળ તરવૈયા અને પહેલવાન પણ હતા. એમણે વિચાર્યું,

“ભલે મારો દેહ ડૂબી જાય, પણ થોડાક પ્રાણીઓને તો હું ડૂબવાથી બચાવી શકીશ.”

દાદાભાઇ ધસમસતા પૂરમાં કૂદી પડ્યા. તરવાનું જાણતા હતા, પરંતુ પૂરના ચડતા પાણીમાં તરવું અને જીવ બચાવવા એ કોઇ સહેલી વાત નહોતી. પરંતુ દાદાભાઇએ પોતાના શરીરની પરવા કર્યા વિના માનવીઓ અને પ્રાણીઓને બચાવવાનું શરૂ કર્યું. કહે છે કે એમણે અવિરત પ્રયત્ન બાદ મનુષ્ય અને પ્રાણીઓને બચાવ્યા એમણે એ રીતે ૧૦૬ જીવોને ઊગારી લીધા. આને શરીર વ્યુત્સર્ગ નહીં કહીએ તો શું કહેવાય ?

શરીર વ્યુત્સર્ગ-તપનો અભ્યાસ થતાં મનુષ્ય પોતાના શરીર પર શસ્ત્ર-પ્રહાર કે શસ્ત્રક્રિયા થાય તો પણ ગભરાતો નથી. કોમી રમખાણ વખતે નિર્ભય બનીને ગણેશશંકર વિદ્યાર્થી જનતાની વચ્ચે આશ્વાસન આપવા માટે ગયા હતા. તેઓ શાંતિ સ્થાપવા પ્રયત્નો કરતા હતા ત્યારે કયાંકથી બંદુકની ગોળી આવી અને એમને વીંધીને ચાલી ગઇ. આમ છતાં એમણે ‘ઉફ’ પણ કર્યું નહીં.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાત્મા ગાંધીજી પર ગોડસેએ ગોળી ચલાવી ત્યારે એમણે ગોડસે તરફ કશોય ક્રોધ કે દ્વેષ રાખ્યા વિના 'હે રામ' એટલું જ બોલ્યા. શું આ હસતાં હસતા શરીર છોડવાનું ઉદાહરણ નથી ?

બાર વર્ષના લાંબા દુષ્કાળ વખતે કેટલાંય સાધુ-સાધ્વીઓએ પોતાનો ધર્મ સમજીને અનશન (સંલેખના-સંથારો) કરીને પોતાનું શરીર છોડી દીધું હતું. ઘણા શ્રાવકોએ પણ આવું જ કર્યું હતું. આ રીતે બ્રહ્મચર્યની રક્ષા કરવા માટે પોતાના પ્રાણની આહુતિ આપવા તૈયાર થયેલા સુદર્શન શેઠને કોણ નથી જાણતું ?

એક બાજુ સિદ્ધાંતની રક્ષા કરવાનો સવાલ હોય અને બીજી બાજુ પ્રાણ જવાની ભીતિ હોય કે શરીર-રક્ષા કરવાનો પ્રસંગ હોય ત્યારે મોટા મોટા સાધકો પાછા પડી જાય છે. શરીર કે પ્રાણનો મોહ એમને સિદ્ધાંતમાંથી ચલિત કરે છે. આથી જ આચાર્ય અમિતગતિસૂરિએ તીર્થંકર પરમાત્માને શરીર-વ્યુત્સર્ગ માટે બળ આપવાની પ્રાર્થના કરી છે.

''शरीरतः कर्तुमनन्तशक्ति विभिन्नमात्मानमपास्त दोषम् ।
जिनेन्द्र ! कोषादिव खड्गयष्टि तव प्रसादेन ममास्तु शक्तिः ॥

"હે જિનેન્દ્ર પ્રભુ ! આપની કૃપાથી મને એવી શક્તિ મળો કે જેથી આ શરીરથી અનંત શક્તિમાન અને દોષરહિત શુદ્ધ આત્માને એવી રીતે જુદા કરી શકું કે જેવી રીતે મ્યાનમાંથી તલવાર અલગ થાય છે.

## ૨. ગણ વ્યુત્સર્ગ

ગણ કહેવાય છે પોતાના ગચ્છ કે સંપ્રદાયને અથવા તો પોતાના કુટુંબ અથવા જ્ઞાતિને, વ્યક્તિ રાગ કે મોહમાં અંધ બનીને પોતાના ગણ (સમૂહ) સાથે બંધાઇ રહે છે. ઘણીવાર પોતે દુઃખી થાય છે અને બીજાઓને પણ દુઃખી કરે છે કેટલીયે વાર અવિનીત શિષ્યો અથવા તો દુરાચારિ, અત્યાચારી અને અન્યાયી પુત્રોને લીધે ગુરુ કે માતપિતા દુઃખી થતા હોય છે. તેઓ મોહવશ બનીને એમ બોલતા હોય છે :

कुर्वन्नपि व्यलीकानि यः प्रियः प्रियः
एव सः ।

અનેક પ્રકારની અનીતિ કરે તો પણ જે પ્યારા હોય તે પ્યારા જ હોય. ધૃતરાષ્ટ્ર જાણતા હતા કે દુર્યોધન આદિ કૌરવો અન્યાય માર્ગે ચાલે છે, યુગ પુરુષ શ્રી કૃષ્ણએ એમને ચેતવણી પણ આપી હતી કે "આપ દુર્યોધનનો પક્ષ લેવો છોડી દો." પરંતુ ધૃતરાષ્ટ્ર મોહવશ હોવાથી દુર્યોધન આદિનો પક્ષ લેવાનું છોડતા નથી. તેઓ એમ જ કહેતા રહ્યા, "ભાઈ ! જે અમારું છે તેને કઇ રીતે છોડી શકીએ ? સારું-નરસું ગમે તેવું હોય પણ પોતીકું છે."

બીજી બાજુ ગાર્ગ્યાચાર્ય નામના આચાર્યએ જોયું કે એમના પાંચસો શિષ્યો અવિનીત છે. એમનું કહ્યું માનતા નથી તેમ જ સાધુ મર્યાદાનું પાલન કરવા તૈયાર નથા તો એ બધાને છોડીને એકલા ચાલી નીકળ્યા. આને ગણ-વ્યુત્સર્ગ કહેવાય.

## ૩. ઉપધિ-વ્યુત્સર્ગ

'ઉપાધ' એ શબ્દ જૈન પારિભાષિક શબ્દ છે. એનાથી સાધુ-સાધ્વીઓના ભંડોપકરણોનો અર્થ ગૃહીત હોય છે. ઉપધિ બે પ્રકારની છે —

(૧) ઔધિક-ઉપધિ અને ઔપગ્રાહિક-ઉપધિ ઔધિક ઉપાધ એને જ કહેવાય છે કે જે હંમેશા ઉપયોગમાં આવે છે. જેમ કે રજોહરણ, મુખવસ્ત્રિકા, ચોલપટ્ટ વગેરે. જ્યારે ઔપગ્રાહિક ઉપાધ એ છે કે કોઇ વાર પાસે હોય અને કોઇ વાર ન પણ હોય. જેમ કે દંડ, પાત્ર. લાકડીનો પાટલો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાજોટ વગેરે સાધુ–સાધ્વી માટે આ બંને પ્રકારની ઉપધિનો મમત્વરહિત ત્યાગ કરવો તે ઉપધિ-વ્યુત્સર્ગ છે.

ગૃહસ્થને માટે ઉપધિ છે ઘર ગૃહસ્થીમાં કામમાં આવનારી બધી ચીજવસ્તુઓ. મકાન, દુકાન, જમીન જાયદાદ, ધન, સોના–ચાંદી, પાળેલા પ્રાણીઓ આદિ બધી બાબતો ઉપધિમાં સમાવેશ પામે છે. વખત આવે પોતાના સિદ્ધાંત કે ધનની રક્ષા માટે અથવા તો બીજી વ્યક્તિ પર આવતા સંકટને દૂર કરવા માટે આ બધાને છોડવાની જરૂર પડે તો મમત્વ બુદ્ધિરહિત થઈને એનો ત્યાગ કરવો તે ઉપધિ-વ્યુત્સર્ગ છે. હિન્દુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા વખતે ઘણા જૈન ભાઇ-બહેનોને પાકિસ્તાનમાં પોતાની જમીન, સંપત્તિ, મકાન, દુકાન વગેરે છોડીને આવવું પડયું હતું. જો એ સમયે એ વસ્તુઓમાં મમત્વબુદ્ધિ રહી હશે તો એ ઉપધિ-વ્યુત્સર્ગ ગણાય નહીં. મમત્વનો ત્યાગ કરવો અથવા તો મમત્વને વોસિરાવીને (વ્યુત્સર્ગ કરીને) જ સાચો વ્યુત્સર્ગ થાય છે. ક્રોધ, માન, માયા, લોભ, પ્રમાદ અને મિથ્યાત્વ આદિ અંતરંગ ઉપધિ છે તેનો પણ ત્યાગ કરવો જોઇએ.

## ૪. ભક્તપાન-વ્યુત્સર્ગ

દેશ, સમાજ અને ધર્મ પર સંકટ આવ્યું હોય, કોઇ વ્યકિત પર ઉપસર્ગ આવ્યો હોય અથવા તો કોઇ અનિષ્ટ, રોગ, ઉપદ્રવ, પ્લેગ કે અધર્મનું નિવારણ કરવા માટે અથવા તો અન્યાય કે અત્યાચાર કરનારને પોતાની ભૂલ શુદ્ધ કરવા બાધ્ય કરવા માટે અહિંસક પ્રતિકારના રૂપમાં અથવા તો સંલેખના-સંથારો (અનશન) કરવા માટે આહાર પાણી છોડવા પડે તો હર્ષભેર મમત્વબુદ્ધિરહિત થઈને છોડવા તેને ભક્તપાન-વ્યુત્સર્ગ (આહાર પાણી છોડવાં) કહેવાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં છ કારણથી આહાર લેવા અને છ કારણથી આહાર તજવાનું વિધાન છે.

રાજગૃહી નગરીના સુદર્શન શ્રમણોપાસકે જ્યારે જોયું કે અર્જુનમાળીનો સર્વત્ર આતંક છવાયેલો છે અને મહાવીર પ્રભુ નગરની બહાર પધાર્યા છે ત્યારે પોતાના માતા-પિતાની સમંતિ લઇને પોતાની પ્રબળ ઉત્સુકતાસાથે એ ભગવાન મહાવીરના દર્શનાર્થે નીકળ્યો. હત્યારા અર્જુનમાળીથી એ સહેજે ગભરાયેલો કે મૂંઝાયેલો નહોતો, પરંતુ જ્યારે ગણે અર્જુનમાળીને મોગર ઘૂમાવતો ઘૂમાવતો નજીક આવતો જોયો ત્યારે સામે આવતા ઉપસર્ગને જોઇને એ તરત જ જમીન પર બેસી ગયો અને સાગારી (શર્તી) અનશન (ભક્તપાન-વ્યુત્સર્ગ) કર્યું. આખરે જ્યારે અર્જુનમાળીનો મોગર એને કશી અસર કરી શકયો નહિ અને ખુદ અર્જુનમાળી એકાએક બેહોશ બનીને પડી ગયો ત્યારે સુદર્શન અનશન લઈને અર્જુનમાળીને સ્વસ્થ કરવા લાગ્યો.

આ છે ભકતપાન-વ્યુત્સર્ગનું જ્વલંત ઉદાહરણ. આજ-કાલ તો મૃત્યુની ઘડી નજીક આવી હોય તોપણ માણસ એક પછી એક દવા લીધે જ જાય છે એવે સમયે ભકતપાન-વ્યુત્સર્ગ તપનો કોઇ વિવેક જોવા મળતો નથી.

## ૫. કષાય-વ્યુત્સર્ગ

કષાયનું નિમિત્ત મળવા છતાં કષાય પ્રગટ થવા દેવો નહીં, કષાયના કારણોથી દૂર રહેવું. કષાય વધારવામાં નિમિત્ત બનવું નહીં. તેમજ વિરોધી કે પ્રતિપક્ષી કષાય કરતા હોય તો પણ શાંત રહેવાનો પ્રયત્ન કરવો તેનું નામ કષાય વ્યુત્સર્ગ છે.

હત્યારો બનેલો અર્જુનમાળી રોજ રાજગૃહી નગરીની સાત વ્યક્તિઓની હત્યા કરતો હતો. શ્રમણોપાસક સુદર્શનના સંપર્કને લીધે ભગવાન મહાવીરનો મેળાપ થતા એણે સાધુ દીક્ષા ગ્રહણ કરી, દીક્ષા લેવાની સાથે જ આજીવન બેલા (બે બે ઉપવાસ) પછી પારણાં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી, પરંતુ પારણાં કરવા માટે અર્જુનમુનિને રાજગૃહી નગરીમાં જ જવું પડતું અને નગરીની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જનતા એમને જોઇને ક્રોધિત બની જતી. કોઈ ગાળો આપે, કોઈ મારપીટ કરે, કોઇ ધક્કા મારે તો કોઇ લાકડી ફટકારે. આવી સ્થિતિમાં એક-બે દિવસ નહીં, એક-બે મહિના પણ નહીં, પરંતુ છ-છ મહિના પસાર થઈ જતાં. અર્જુનમુનિને ક્યારેક લૂખું-સૂકું ભોજન મળતું તો કયારેક માત્ર પાણી જ મળતું. પરંતુ અર્જુનમુનિ પૂર્ણ શાંતભાવ, ક્ષમાભાવ અને સમભાવથી લોકોના દુર્વ્યવહારને સહન કરતાં હતા. આવા કષાય-વ્યુત્સર્ગને કારણે જ તેઓ છ મહિનામાં પોતાના સમસ્ત કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા. આમ, કષાય-વ્યુત્સર્ગ તપ શાંતિનું વરદાન આપે છે.

## ૬. સંસાર-વ્યુત્સર્ગ

નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારેય ગતિ ધરાવતા સંસારના કારણો મિથ્યાત્વ આદિનો ત્યાગ કરવો તે સંસાર-વ્યુત્સર્ગ કહેવાય છે. આનો અર્થ એટલો કે જે કાર્યથી સંસાર વધે તેવા કાર્યોનો ત્યાગ કરવો-તે સંસાર-વ્યુત્સર્ગ.

## ૭. કર્મ-વ્યુત્સર્ગ

કર્મબંધનના કારણોનો ત્યાગ કરવો તે કર્મ-વ્યુત્સર્ગ છે. કર્મબંધનના આ બધા કારણો જુદા જુદા શાસ્ત્રોમાં તેમ જ 'તત્ત્વાર્થ સૂત્ર'માં દર્શાવવામાં આવ્યા છે. આ કારણોને યોગ્ય રીતે સમજીને એના નિવારણ માટે પુરુષાર્થ કરવો જોઇએ. આમ કરીએ તે જ કર્મ-વ્યુત્સર્ગ-તપ કહેવાય.

## ભાવ વ્યુત્સર્ગ આવશ્યક

માત્ર દ્રવ્યરૂપથી જ વ્યુત્સર્ગ-તપની સાધના કરવામાં આવે અને ભાવરૂપથી સાધના ન થાય તો એની આ તપ સાધના કાચી રહી જાય છે. જેનાથી એ વ્યુત્સર્ગની પરીક્ષામાં નિષ્ફળ જાય છે.

કરટ અને ઉત્કરટ બંને ભાઈઓ એક જ સમયે દીક્ષિત થઈને સાધુ થયા હતા. એક વાર આ બંને સાધુઓએ કુણાલા નગરીની બહાર એક નાળા (જેમાં થઇને નગરીનું પાણી બહાર જતું હતું) ની પાસે કાયોત્સર્ગ (શરીર-વ્યુત્સર્ગ) કર્યો. ચોમાસાના દિવસો હતા. આ બંને તપસ્વી સાધુઓના અધિષ્ઠાયક દેવોએ વિચાર્યું કે જો વરસાદ આવશે તો નગરનું પાણી આ બંને તપસ્વીઓને એના પ્રવાહમાં ખેંચી જશે. આથી અધિષ્ઠાયક દેવોએ વરસાદ અટકાવી દીધો.

બીજી બાજુ વરસાદ વરસ્યો નહીં તેથી નગરજનોમાં હાહાકાર થઇ ગયો. નગરવાસીઓ આ વિશે વિચારવા માટે ભેગા થયા. એમણે વિચાર્યુ .

"ગમે તે હોય પરંતુ આ બે મુંડિત સાધુઓ નાળાની પાસે ઊભા છે અને એમણે જ વરસાદ રોકી રાખ્યો છે"

પરિણામે નગરજનોએ એ બંને સાધુઓને માર માર્યો અને તિરસ્કાર-વચનો કહ્યા. આનાથી બંને સાધુઓને ક્રોધ પણ આવ્યો. બંને સાધુ માસક્ષમણ (સતત એક મહિના સુધી ઉપવાસ)નું તપ કરતાં હતા. આથી દેવો એમના વશમાં હતા. પરિણામે ગુસ્સે થઈને એમાંથી એક સાધુએ દેવને કહ્યુ, "મૂશળધાર વરસાદ થાઓ." બીજા સાધુએ કહ્યું, "પંદર દિવસ સુધી સતત વરસાદ પડો."

બસ, પછી તો દેવતાઓએ એમ કર્યું. પંદર દિવસ સુધી સતત મૂશળધાર વર્ષા થતી રહી ચારે બાજુ પાણી ઉભરાવા લાગ્યા. પ્રજાની પરેશાનીનો પાર ન રહ્યો, પરંતુ આ બંને સાધુ પોતાના અપમાનનો બદલો લેવાથી ઘણા ખુશ હતા. પરિણામે દ્રવ્ય-વ્યુત્સર્ગની સાથે ભાવ વ્યુત્સર્ગની સાધનામાં તેઓ અસફળ રહ્યા. રૌદ્ર ધ્યાનવશ આ બંને સાધુઓ મૃત્યુ પામીને નરકમાં ગયા. આ છે વ્યુત્સર્ગ-તપની નિષ્ફળતાનો નમૂનો.

ભાઈઓ, આથી જ કષાય-વ્યુત્સર્ગ વગેરે ભેદ -દ્રવ્ય-વ્યુત્સર્ગની સાથે ભાવ વ્યુત્સર્ગની અનિવાર્યતા સ્પષ્ટ રૂપે બતાવે છે. વ્યુત્સર્ગ-તપ માનવજીવનને માટે વરદાન છે તેથી એને અપનાવીને સ્વ-પર કલ્યાણ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શનપદ નવપદ છઠ્ઠુપદ

# ભવસાગર તરવા

# નવ નાવા નૌકા-૬

વ્યાખ્યાતા :- પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી ગણી.

શાશ્વતી ઓળીની આરાધનાના દિવસો ખૂબ આનંદથી પસાર થઈ રહ્યા છે. આ નવપદજીને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ. આને બીજી રીતે કહેવું હોય તો સાધ્યવર્ગ, સાધકવર્ગ અને સાધનવર્ગ, એમાં અરિહંત પરમાત્મા અને સિદ્ધ ભગવંતો એ દેવતત્ત્વ કે સાધ્યવર્ગ અને આચાર્ય મહારાજ, ઉપાધ્યાયજી મહારાજ અને સાધુ ભગવંતો એ ગુરુતત્ત્વ અથવા સાધકવર્ગ એ બે તત્ત્વની અને પાંચપદની યથા શકય વિચારણા કરી: હવે આપણે આજથી ધર્મતત્ત્વ કહો કે સાધન વર્ગની વિચારણાનો પ્રારંભ કરીએ છીએ. દેવ અને ગુરુતત્ત્વ પછી ધર્મતત્ત્વ છે તેના સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌ચારિત્ર અને સમ્યગ્‌તપ એ ચાર પ્રકાર છે તેમાં પ્રથમ પ્રકાર સમ્યગ્ પદની વિચારણા કરવાનો આજે ઉપક્રમ છે.

સમ્યગ્‌દર્શન એ આપણા આ ભવનું ધ્યેય છે. ધ્યેય બે પ્રકારના (૧) અનન્તર અને (૨) પરમ્પર. અનન્તર ધ્યેય અહીં તુર્ત મેળવી શકાય તે અને પરંપર ધ્યેય મોડેથી મળે-મેળવી શકાય તે. આપણું અનન્તર ધ્યેય સમ્યગ્‌દર્શન-સમ્યક્ત્વ છે અને પરંપર ધ્યેય મોક્ષ છે, સમ્યગ્‌દર્શન ચારે ગતિમાં પામી શકાય છે. એના ત્રણ ભેદ છે.

(૧) ઔપશમિક સમ્યક્ત્વ (૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ (૩) ક્ષાયિક સમ્યક્ત્વ. સમ્યક્ત્વના સડસઠ ભેદ છે તેથી આ પદની આરાધના ૬૭ સાથિયા ૬૭ ખમાસણા, ૬૭-લોગસ્સના કાઉસ્સગથી કરવાની છે.

આ ઉત્તમ ગુણને પ્રગટ કરવામાં મુખ્યત્વે મોહનીય કર્મને ઘટાડવાનું છે, મોહ તે સંસાર, મોહનો ક્ષય તે મોક્ષ રૂપા સમ્યક્ત્વ તે સકલ ગુણોનું દ્વાર છે, પાયો છે, આધાર છે આ એક ગુણ દઢ હોય તો તો તેની પાછળ બીજા કેટલાય ગુણ આવે છે. મયણાસુંદરીમાં આ એક જ ગુણ પૂર્ણ ખીલેલો હતો તો બીજા કેટલાય ગુણ આવી ગયા.

સમ્યગ્‌દર્શન-સમ્યક્ત્વ કે સમકિતને આપણે આપણી તળપદી ભાષામાં શ્રદ્ધા શબ્દ દ્વારા ઓળખીએ છીએ, શ્રદ્ધા વિના તો સંસારમાં પણ કોઈ વ્યવહાર ચાલતો નથી. લોકો કહે છે ને 'વિશ્વાસે વહાણ ચાલે' શ્રદ્ધા અને વિશ્વાસ બન્ને નિકટના તત્ત્વો છે. પરમાત્મા છે જ તે શ્રદ્ધા અને પરમાત્માના મને દર્શન થશે જ તે વિશ્વાસ આ તો અધ્યાત્મની વાત છે પણ જીવન માટે પણ આ જરૂરી છે.

"શ્રદ્ધા ભરી જે સત્યથી તે તો કદિ ફરતી નથી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રદ્ધા વિહોણી જીંદગી જગમાં કદિ ફરતી નથી.'' બુદ્ધિની હદ જ્યાં પૂરી થાય છે ત્યાંથી શ્રદ્ધાનો પ્રદેશ શરુ થાય છે. આ શ્રદ્ધા તત્ત્વ બુદ્ધિથી સમજી શકાય તેમ નથી તેની ત્યાં પહોંચ નથી. કાનો એ વિષય નથી સુગંધી મોગરાનું ફુલ તમે વર્ષો સુધી કાન પાસે ધરી રાખો, શું થાય? કંઇ જ ન થાય પણ જે ક્ષણે નાકની નજીક લાવો ત્યાં જ મહેંકથી મન ભરાઇ જાય. બસ... આવું જ છે આત્મા એ શ્રદ્ધાનો વિષય છે તેને બુદ્ધિ દ્વારા સમજવા મથ્યા જ કરો. શું પરિણામ આવે! પાણીને વલોવા જેવો ઘાટ થાય. બુદ્ધિ દ્વારા જે તર્ક નીપજે તે તર્કથી જે સાબિત થાય તે સત્ય જ હોય તેવો નિયમ નથી. તર્ક તો તકરાર કરાવે વકીલો તર્કના સહારે સત્ ને અસત્ ઠરાવે અને અસત્ ને સત્ ઠરાવે.

બુદ્ધિ વકીલાત ઠરાવે ને શ્રદ્ધા કબૂલાત કરાવે શ્રદ્ધા સરળતાને જન્માવે ને બુદ્ધિ વકતાને જન્માવે શ્રદ્ધાને સમજવાનું બુદ્ધિનું ગજુ જ નથી, તમે જ કહો, સુલસા શ્રાવિકાની શ્રદ્ધાને બુદ્ધિ કઇ રીતે સમજી શકે–જાણી શકે.?

સુલસાને પ્રભુ મહાવીર દેવ ઉપર કેવી અનન્ય શ્રદ્ધા. અસ્થિ અને મજ્જા આ રાગથી રંગાયેલા. અને આ રંગ એટલે "રંગ લાગ્યો ચોલ મજીઠ રે. નવિ જાયે ડાકણુ દીઠ રે" ગમે તેવા ભય કે લાલચમાં પણ વિચલિત ન થાય તેવો રંગ "ફાટે પણ ફીટે નહીં પડી પટોળે ભાત" આ પટોળા પર પડેલી ભાત જેવો રંગ. જેને અસ્થિ મજ્જા સુધી પહોંચ્યો તેને માટે જ કહેવાયું છે કે "જો પ્રભુ અરિહંત જે ભવ ભવ ન ભમીજે મોહ નૃપને દમીજે." અને સુલસા શ્રાવિકાનું તો એવું અનોખું સૌભાગ્ય કે બધે જ તેમનું નામ પહેલું લેવાયું છે. પ્રસિદ્ધ 'ભરહેસર'ની સજ્ઝાયમાં મહાસતીઓની નામાવલિ શરુ કરવાની આવી ત્યાં સુલસા 'ચન્દનબાલા' એ યાદીમાં પહેલા સુલસા, ચંદનબાલાજી પણ બીજા. કોઇ કહે કે આ તો કાવ્ય છે માટે હશે તો પ્રભુના મુખથી પ્રશંસા પામેલી વ્યક્તિઓની વાત પૌષધ પારવાના સૂત્રમાં આવી ત્યાંપણ આ જ સુલસા પહેલા છે 'સુલષા આણંદ કામદેવાય આનંદ ને કામદેવથી પણ પહેલા સુલસાનું નામ મૂક્યું. ઠીક પરમાત્મા મહાવીર દેવના તીર્થમાં જેનુ-જેનું તીર્થંકરપણું જાહેર થયું તેની વાત કરવાનો અવસર પંડિત શ્રી શુભવીર વિજયજી મહારાજને આવ્યો ત્યાં પણ–

'સુલસાદિક નવ જણને જિનપદ દીધું રે
કર્મે તે બેળાએ વસીયો વેગળો

શાસન દીઠું છે વળી લાગ્યું મીઠું રે
આશ ભરે આવ્યો સ્વામી એકલો'

અહીં પણ દેવતાં શ્રાવિકા, સુપાર્શ્વ, ઉદાવી. શ્રેણિક, કોણિક વગેરે નવ છે. તમાં પણ સુલસા જ મોખરે છે. શ્રી ઉદયરત્નજી મહારાજે સોળ સતીનો એક છંદ રચ્યો છે, તેમાં પણ સુલસા–શ્રાવિકા માટેના શબ્દો કેટલા કિંમતી છે,

"સુલસા સાચી સિયળે ન કાચી,
શાચી નહીં વિષયા રસે રે;
મુખડું જોતાં પાપ પલાયે,
નામ લેતા મન ઉલ્લસે રે

સુલસાનું સમ્યગ્દર્શન આવું નિર્મળ અને દઢ હતું તેની ખબર આપણને તો ત્યારે જ પડી કે જ્યારે અંબડે પ્રભુને પૂછયું, પ્રભુ! રાજગૃહી જઇ છું તે તરફની કોઇ કાર્યસેવા હોય તો ફરમાવો, પ્રભુએ કહ્યું કે સુલસાને ધર્મલાભ કહેજો. પ્રભુએ ત્રણ ગુણ માટે, ત્રણ બખત, ત્રણ જણને. ત્રણ વ્યક્તિના પાસે મોકલ્યા છે. સમ્યગ્દર્શન માટે સુલસા શ્રાવિકા પાસે અંબડને, સમ્યગ્જ્ઞાનના પ્રશ્ને શ્રી ગૌતમસ્વામીજીને આનંદ શ્રાવક પાસે અને સમ્યક્ચારિત્ર અન્તર્ગત સામાયિક માટે રાજા શ્રેણિકને પુણીયા શ્રાવક પાસે મોકલ્યા. અંબડે જ્યારે પરીક્ષા કરી અને તેમાં સુલસા દઢ પુરવાર થયા ત્યારે તેમનું સમ્યગ્દર્શન પ્રસંશાપાત્ર બન્યું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણને દેવાધિદેવ જેવું દેવતત્ત્વ મળ્યું છે તો બીજા કોઈ પણ દેવ આપણને પંચાંગ પ્રણિપાતને લાયક ન લાગવા જોઈએ. પંચપરમેષ્ઠિ ભગવંત સિવાય કોઈ પંચાંગ પ્રણિપાતને લાયક નથી. સત્કારને-સન્માનને લાયક ઘણાં હોઇ શકે. દેવાધિદેવ સર્વોપરિ છે. માતા-પિતા ઉપકારી ખરા. અન્ય સમ્યક્દૃષ્ટિ દેવો-દેવીઓ પણ સહાયક હોઈ શકે તેથી તે સત્કાર-સન્માનને લાયક ખરા પણ આત્મસમર્પણ માટે તો એક જ અરિહંત દેવ. બીજા કોઇ નહીં. દુઃખ આવે તો તે ટાળવા કે સુખ આવે તો તે ટકાવવા માત્ર અરિહંતને જ શરણે જવાનું. ઉપાધ્યાયજી મહારાજ કહે છે ને: દેશો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચું રે, જિનભક્ત જે નાવ થયું તે બીજાથી નવિ થાય.

આવી શ્રદ્ધા કેળવવી જોઈએ. તે માટે તીર્થોના બાહ્ય અભ્યંતર સંપર્કમાં આવવું જોઈએ, આપણે ત્યાં સમ્યક્ત્વના પાંચ ભૂષણની વાત આવે છે તેમાં તીર્થયાત્રા-તીર્થસેવા એ એક ભૂષણ છે. આભ્યંતર ગુણસંપત્તિનો પરિચય તો સૂક્ષ્મબુદ્ધિગમ્ય છે, લાભનું કારણ છે પરંતુ બાહ્યસંપર્ક પણ ખૂબ લાભકારક છે. બાહ્યસંપર્ક એટલે તે તે સ્થળની સ્પર્શના કરવી. તે તીર્થોનો ઇતિહાસ-પ્રભાવ વગેરે જાણવા તે તે માટે દૃષ્ટિ કેળવવી પડે છે,

તમારી એકદમ નજીકમાં કયું તીર્થ છે ?
સભા : સાહેબ ! તળાજા.

એ તીર્થની યાત્રા કરવા તો જાવ છો ને દર્શન-વંદન-પૂજન કરવા જ જવાનું છે ને ? કે ભોજનશાળામાં સગવડ બરાબર નથી, ધર્મશાળા જુની પદ્ધતિની છે એવું એવું જ ધ્યાનમાં રાખવું ! તો ત્યાં મૂળનાયક ભગવાન કયા છે ?

સભા ; સુમતિનાથ ભગવાન,

તેની નીચે જે દેરાસર છે તેમાં મૂળનાયક ભગવાન કયા છે ?

સભા : પાર્શ્વનાથ ભગવાન.

બરાબર, એ ભગવાન ફણાવાળા કે ફણાવગરના ? પરિકર સાથેના છે કે પરિકર વિનાના ?

સભા : એવું ઝીણું ઝીણું કોણ જુએ છે. અમે તો લે દેવ ચોખા ને મૂક મારા છેડા એવું કરનારા છીએ.

ભગવાન આપણો છેડો મૂકે ને તો પણ આપણે હવે તેનો છેડો છોડવાનો નથી આ ભવમાં પ્રભુની સાથે જે સંબંધ બાંધ્યો છે તેને સાદિ અનંત ભાંગે બનાવવાનો છે આ ભવની અપેક્ષાએ આદિ ખરી પણ હવે અંત નહીં.

તે પાર્શ્વનાથ ભગવાનની ડાબીબાજુના ગભારામાં કયા ભગવાન છે ?

સભા : નેમિનાથ ભગવાન.

આ શ્રી નેમિનાથ ભગવાન કોણે ભરાવેલા છે ? કેટલા વર્ષ જુના ? કાંઇ ઇતિહાસ જાણમાં ખરો ?

આ તો તમારું તીર્થ કહેવાય.

સભા : હવે આપ જ કહો ને ?

જુઓ, સાવધાન થઈને સાંભળો, આવા પરિચયો શ્રદ્ધાપૂર્વક હોય છે. બરાબર યાદ રાખવાના.

આ પ્રતિમાજી અતિ પ્રાચીન છે, એક અર્થમાં જીવંત પ્રતિમાજી છે. શ્રી નેમિનાથ ભગવાનની હયાતીમાં આ પ્રતિમાજી ભરાવાયા છે. કૃષ્ણ મહારાજાના સૈન્ય ઉપર જરાસંઘ રાજાએ જરાવિદ્યા મૂકી અને તેથી આખું સૈન્ય ઘરડું થઈ ગયું. કૃષ્ણ મહારાજાને ચિંતા થઈ કે આ વિપત્તિને કેવી રીતે દૂર કરવી. ત્યારે તેમણે અઠ્ઠમતપ કરવાનો વિચાર કર્યો. જો પોતે અઠ્ઠમ કરે તો પછી આ સૈન્યનું ધ્યાન કોણ રાખે ? કોણ સંભાળ લે. એ વાત તો બને નહીં. સેનાની કાળજી લેવી અને ધ્યાન ધરવું. આવા પુરુષો કોઇ પણ ક્રિયા કરે તો સંપૂર્ણ મન-વચન-કાયાથી લીન થઈને કરે. તે વખતે શ્રી નેમીકુમારે કહ્યું કે સેનાની સંભાળ





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું રાખીશ. તમે અઠ્ઠમતપની આરાધના કરો. કૃષ્ણ મહારાજાએ એકાગ્રતાથી અઠ્ઠમ કર્યો. શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં શાસનદેવી પદ્માવતીદેવી હાજર થયા. પ્રસન્ન થઈને તેમને પ્રભુ પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમા આપ્યા. તેનું સ્નાત્રજળ જેવું સેના ઉપર છાંટયું તે જ ક્ષણે આખી સેના આળસ મરડીને બેઠી થઇ, જુવાનજોધ બની ગઇ કૃષ્ણ મહારાજા આ પરિણામથી આ પ્રભાવથી પ્રભાવિત થયા.

કૃષ્ણ મહારાજા વાસુદેવ છે, શલાકાપુરુષ છે. તેઓ કૃતજ્ઞ હોય, આ કાર્ય આ રીતે સિદ્ધ થઇ શકયું તેમાં શ્રી નેમિકુમારનો ફાળો મહત્ત્વનો જણાયો. કૃતજ્ઞતાથી પ્રેરિત થઇ તેઓશ્રીની એક પ્રતિમા ભરાવી. અને જ્યાં પોતે અઠ્ઠમનું પારણું કર્યું ત્યાં જ ગામ વસાવીને ચૈત્ય બનાવીને એ પ્રતિમાજીને ત્યાં જ બિરાજમાન કર્યા. એ ગામનું નામ પણ પારણા રાખ્યું. આથી ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ઘટના ત્યાં બની તેનું કાયમી સંભારણું રાખ્યું. એ પ્રતિમાજી એ ગામમાં જ ઘણા વર્ષો સુધી રહી છે તેના પ્રાચીન ઉલ્લેખો પણ મળે છે. બે ઉલ્લેખ જોઇએ : એક ઉલ્લેખ છે. સમરાશાહ ઓશવાળ યાત્રા કરવા નીકળ્યા છે. તેઓ આ પાટણા ગામમાં જ શ્રી નેમિનાથ ભગવાનના દર્શન-વંદન કરે છે. સમરાશાહ રાસમાં આ ગામનો ઉલ્લેખ છે. સમરાશાહ સંઘ સાથે શત્રુંજયની યાત્રા કરીને ગુજરાત તરફ જતાં હતા. વઢવાણ થઈ માંડલ થઈ પાડણામાં જીવિતસ્વામી શ્રી નેમિનાથ ભગવાનને વાંદ્યા, તેના શબ્દો આ પ્રમાણે છે :

**वढवाणा न विलंबु कियउं, जिमिउ करीरे गामि ।**
**मांडले दीहउ पाडलप नमियउ, नेमिसु जीवितसामि ॥**

( આમ્રદેવસૂરિ રચિત સમરા રાસ ૧૩ મી ભાષા. )

બીજો ઉલ્લેખ એક પ્રાચીન ચૈત્યવંદનમાં આવે છે તે ગાથા આ પ્રમાણે છે :

**कन्नउज्जनिव निवेसिय, वरजिणभवणंमि पाडला गामे ।**
**अर चिर मुत्ति नेमिं पुणि, तह संखेसरं पासं ॥ १ ॥**

—શ્રી મહેન્દ્રસૂરિ રચિત અષ્ટોત્તરી તીર્થમાલા,

આ પાટણા નામના પછીથી પાટલા પાડલા એવા અપભ્રંશ સ્વરૂપ થયા. આ ગામ આજે પણ વિદ્યમાન છે. મુજપુર-શંખેશ્વર બન્ને પણ આ ગામથી નજીક ગણાય ઘણાં વર્ષો સુધી આ પ્રતિમાજી એ જ ગામમાં પૂજાયા પછી કાળક્રમે એ ગામની વસતિ બીજે સ્થળે ગઇ. દેરાસર માંગલિક કરવું પડે એવી સ્થિતિ આવી ત્યારે નજીકમાં સમૃદ્ધ ગામ તરીકે મુજપુર પંકાતુ ગામ ગણાય એટલે આ પ્રતિમાજીને મુજપુરના દેરાસરમાં પધરાવવામાં આવ્યા. છેલ્લે છેલ્લે આ પ્રતિમાજી ત્યાં જ હતા—ત્યાં જ પૂજાતા હતા. ( આધાર-શંખેશ્વર તીર્થ ભાગ-૧ પૃ. ૮૯ લેખક : શ્રી જયંતવિજયજી. )

એકવાર પૂજ્યપાદ શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરિશ્વરજી મહારાજ મુજપુર પધાર્યા ત્યાં દેરાસરમાં આ પ્રભુજીના દર્શન કરીને તેમણે સંઘને કહ્યું કે આવા દિવ્ય પ્રભાવસંપન્ન પ્રભુજીને અહીં રાખ્યા છે તેના કરતાં કોઇ તીર્થમાં પધરાવો તો હજારો ભાવિકોને દર્શન વંદન પૂજનનો લાભ મળે. સંઘે વાત સ્વીકરી. તે વખતે તળાજા તીર્થને જીર્ણોદ્ધારની વાતો ચાલતી હતી પૂજ્યશ્રીની આજ્ઞાથી એ પ્રભુજી તળાજામાં લાવવામાં આવ્યા. સ્વતંત્ર જિનાલય કરી તેમાં જ પધરાવવાની ગણત્રી હતી. પણ પછીથી જિર્ણોદ્ધારનું કાર્ય ચાલુ હતુ ત્યારે જ તળાજા ગામમાંથી જ શ્રી પાર્શ્વનાથ ભગવાન નીકળ્યા, તેથી તે શ્રી પાર્શ્વનાથ ભગવાનને મૂળનાયક બનાવ્યા અને આ પ્રભુજીને બાજુના ગભારાના મૂળનાયક બનાવ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ તેનો ઇતિહાસ છે. પ્રભુજીના દર્શન કરતાં આ વાત ખ્યાલમાં હોય અને પછી દર્શન-વન્દન-સ્તુતિ-સ્તવન કરીએ તો કેવો આહ્લાદ થાય. આવા પ્રભુજી એટલે કે જિનબિંબ, જિનાગમ અને જિનમુનિ એ આ કલિકાલમાં પણ કલ્પતરુ છે. આ બિંબના દર્શન-વંદન-પૂજનથી સમ્યક્ત્વની પ્રાપ્તી થાય છે, અને પ્રાપ્ત થયેલું સમ્યક્ત્વ નિર્મળ, સ્થિર અને દૃઢ બને છે

સમ્યક્ત્વની પ્રાપ્તિના બે પ્રકાર છે (૧) નિસર્ગ સમ્યક્ત્વ એટલે કુદરતી સહજ રીતે પ્રાપ્ત થતું સમ્યક્ત્વ અને (૨) અધિગમ સમ્યક્ત્વ એટલે કોઇ ને કોઇ નિમિત્ત દ્વારા પ્રાપ્ત થતું સમ્યક્ત્વ. મોટા ભાગના જીવોને અધિગમ સમ્યક્ત્વ હોય છે.

આપણને શ્રી વીતરાગ દેવ, નિર્ગ્રન્થ ગુરુ અને કેવલીભાષિત ધર્મ ઉપરનો અનન્ય રાગ પ્રગટી જવો જોઇએ આવો દૃઢ રાગ તે જ સમ્યક્ત્વ છે.

પ્રભુના દર્શન કરવા તેપણ કળા છે. આ પ્રભુ દર્શન સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી લઈ ઠેઠ કેવળજ્ઞાન સુધીની પ્રાપ્તિમાં નિમિત્ત બની શકે છે. દર્શક ઉપર આધાર છે.

શાસ્ત્રમાં એક વાત આવે છે —

મરુદેવા માતાને કેવળજ્ઞાન શેનાથી પ્રાપ્ત થયું ? મોટા ભાગે કહેવામાં આવે છે કે અન્યત્વ ભાવના ભાવતાં ભાવતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. પણ આ મતાન્તર છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજે યોગશાસ્ત્ર વૃત્તિ તથા ત્રિષષ્ઠિમાં મરુદેવા માતાને કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં ભગવદ્દર્શનાનન્દ જનિતયોગસ્થૈર્ય ને કારણ કહ્યું છે. જુઓ ત્યાં આવા અક્ષરો મળે છે —

आपश्यत तीर्थकृल्लक्ष्मीं, तस्यातिशय
शालिनाम् ।
तस्यास्तद् दर्शनानन्द, स्थैर्यात्
कर्म व्यशीर्यत ॥ १ ॥
भगवद्दर्शनानन्द-योगस्थैर्यमुपेयुषी ।
केवलज्ञानमम्लान, माससाद
तदैव सा ॥ २ ॥

(योगशास्त्र प्रथम प्रकाश श्लो. १० वृत्ति)

આ ભગવદ્દર્શનાનન્દ યોગ કેવો અદ્ભુત હશે ? મરુદેવાને ઋષભદેવમાં એવું તે શું શું જોયું ! આ ભાવનું એક સુંદર સ્તવન આવે છે-

ઋષભની શોભા હું શી કહું !

આપણે પણ જો આ દર્શન કરતાં શીખી જઈએ દર્શન કરતાં કરતાં પ્રભુ સાથે તારા મૈત્રક રચી શકીએ-પ્રભુની છબી નયન દ્વારા મનમાં ઉતારી શકીએ તો 'દર્શનથી દર્શન ગુણ પ્રગટે' એ જે વચન છે તે સાર્થક થઇ જાય.

પ્રભુના દર્શન કરનાર ભવ્ય જીવને આનંદ થયા વિના ન રહે. એક સ્તવનમાં કવિ કહે છે :

'પ્રભુ દરિસણ દેખી નવિ ઉલ્લસે,
રોમાંચિત જસ દેહ,
ભવસાગર ભમવાતણું,
પ્રાયઃ કારણ તેહ.'

આવા અનિમેષ દર્શનીય, એટલે કે આંખનો પલકારો પાડયા વિના જોવા લાયક, નિસર્ગ સુન્દર પ્રભુને જોઇને જે રાજી ન થાય. આનંદ ન પામે તો તેનું કારણ તેનું ભારે કર્મીપણું છે અને સામે પક્ષે પ્રભુજીને જોઇ, તેના દર્શન કરીને જે રાજી-રાજી થાય છે તેને હવે ભવની રખડપટ્ટી ઓછી છે. તે જ કવિવર કહે છે કે -

જિનમુદ્રા દેખીને ઉપજે અભિનવ હર્ષ,
ભવ દવ તાપ શમે સહી તેહનો,
જિમ વૂઠે પુષ્ખર વર્ષ

ઉદયરત્ન મહારાજ કહે છે ને —



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારા પ્રભુને જોઈ જોઈ હરખે જેહ,
ત્રિભુવન લીલા પામે તેહ.

જગતમાં શ્રેષ્ઠ વસ્તુ હોય તો આ જ છે.

સખરે મેં સખરી કૌન, જગત કી મોહિની,
ઋષભ જિણંદકી પડિમા, જગત કી મોહિની.

સખર એટલે સુંદરમાં સુંદર કોણ છે ! જગતને મોહ પમાડનાર જો કોઇ હોય તો આ શ્રી ઋષભદેવની પ્રતિમા છે. પ્રભુપ્રત્યે આવો ભાવ આવે તો તેની સમક્ષ થતી ક્રિયા અમૃતક્રિયા થવા વિના ન રહે.

મયણાસુંદરી સંધ્યા સમયે પ્રભુજી સમક્ષ આરતિ ઉતારી રહ્યા હતા. તે જ વખતે સહજ રીતે જ આરતિની ક્રિયા અમૃતક્રિયા બની ગઇ. અમૃતક્રિયાના લક્ષણો આપોઆપ પ્રગટ થયા. શ્રીપાળ રાસની પંક્તિ છે —

'તદ્ગતચિત્ત ને સમયવિધાન ભાવની
વૃદ્ધિ ભવભવ અતિઘણો જી,
વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન, લક્ષણ એ
છે અમૃતક્રિયા તણાજી.'

અમૃતક્રિયાનું ફળ તુર્ત મળે છે. 'તે ફળ તિહાં નહીં આંતરો જી' આવી ક્રિયાનું ફળ વાયા નહીં અને વાયદે નહીં પણ સીધું અને શીઘ્ર મળે છે. મયણાને તુર્ત મળ્યું હતું, આરતિ ઉતાર્યા પછી પણ ક્ષણ-ક્ષણ રોમાંચ થાય છે પોતાના સાસુ પાસે ઘરે જાય છે સાસુએ કહ્યું, કુંવરના કોઈ સમાચાર નથી. પરદેશી શત્રુ રાજાએ નગરને ઘેરો ઘાલ્યો છે, ચિંતાનો વિષય છે. આવે વખતે મયણા નિશ્ચિત મને કહે છે માતા ચિંતા ન કરો, કુંવર સાજા-સારા છે. ત્યાં જ બારણે ટકોરા થાય છે, મયણા કહે છે, માતા ! કુંવર આવી ગયા. કમાડ ઉઘાડયા તો શ્રીપાળ પોતે જ હતા. આવો પ્રભાવ પ્રભુ પ્રત્યેની 'ભક્તિથી થયેલી અમૃતક્રિયાનો છે.

સમકિતી આત્માનું ચિત્ત સતત પ્રભુસ્મરણમાં ડૂબેલું હોય છે, તેથી તેના જીવનમાં રુક્ષતા નથી હોતી, પણ ભીનાશ હોય છે. રિકતા નથી હોતી પણ ભરપૂરતા હોય છે, રંકતા નથી રહેતી પણ તેનું ચિત્ત અકારણ પ્રસન્નતાથી છલકાતું હોય છે. અને એના જીવનમાં ભાવદારિદ્ર તો રહેતું જ નથી.

શ્રીપાળના જીવનમાં તમે જોજો. પ્રભુનું સ્મરણ-સિદ્ધચક્રનું સ્મરણ કેવું સતત રહેતું હતું. ધવલ શેઠ સમુદ્રમાં ધક્કો મારે છે ત્યારે પણ તેના હૈયે-હોઠે આ સિદ્ધચક્રજી જ હતા. આપણે પણ આ હેવ ટેવ પાડવા જેવી છે. છીંક આવે, બગાસુ આવે કે ઠેસ વાગે તે વખતે મુખમાંથી 'નમો અરિહંતાણં' નીકળે. તો જ છેલ્લે સમયે હૃદયમાં અને જીભ ઉપર આ 'નમો અરિહંતાણં' આવશે.

સમ્યક્દૃષ્ટિ આત્માને અંદરની સમૃદ્ધિ મળી ગઇ હોય છે તેથી બહારની સમૃદ્ધિ ન મળે તો તેની ઇચ્છા નથી હોતી અને મળી ગયેલી ચીજ પ્રત્યે મૂર્ચ્છા નથી હોતી. બબ્બરકોટના મહાકાલ મહારાજાએ શ્રીપાળને નવ નાટકશાળા ભેટ આપી હતી. તે તેની સાથે જ રહેતી હતી. અવરનવર નાટક જુએ પણ ખરા. પણ મનથી નિર્લેપ હોય. તેથી જ્યારે સુરસુંદરી રડવા લાગ્યા, નાચવાની ના કહી. "મયણા ભગિની છાની ન રહે મળીયા માતા-પિતાજી." આ ઘટના બની ત્યારે જ તેમને ખબર પડી કે આ નાટકશાળામાં સુરસુંદરી હતી. આવી નિર્લેપતા પ્રાપ્ત વસ્તુમાં અને અપ્રાપ્તમાં નિઃસ્પૃહતા હોય તેથી જ આ સમકિતી આત્માના પાપ અશક્તિના હોય પણ ક્યારેય આસક્તિના તો ન જ હોય. તેના દિલમાં અવિરતિનું દુઃખ સતત પીડતું જ હોય.

માટે જ શ્રી ભગવતીસૂત્રમાં શ્રી ગૌતમસ્વામીજીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરદેવે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવના જેવો બીજો કોઇ જીવ દુઃખી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન હોય તેમ કહ્યું છે. એ જીવ જાણતો હોય કે શું કરવા જેવું છે અને છતાં ન કરી શકે તે તેનું મોટું દુઃખ હોય છે.

સમકિતદૃષ્ટિ આત્મા પોતાના જીવનમાં પરમાત્માને સર્વોપરિ માને, તે પોતાની પ્રીતિને નાશવંતમાંથી શાશ્વતમાં સ્થાપે, અનિત્યમાંથી નિત્યમાં સ્થાપે, દેહને બદલે દેવાધિદેવને પ્યારા ગણે, સગા સ્નેહીને બદલે સાધુ સાધ્વીજીને સન્માનનીય ગણે ઘરને બદલે જિનાલય ઉપર રાગ વધારે ધરે. દુકાન કરતાં ઉપાશ્રયને વધુ મહત્ત્વ આપે તેની સ્પષ્ટ સમજણ હોય કે આ સંસારના પદાર્થો, સંબંધો લોઢાની નાવ જેવા છે. ન બેસો ત્યાં સુધી રૂડી રૂપાળી લાગે જેવા બેસવા જાવ એટલે માણસ અને નાવ બન્ને જાય જ્યારે શાસનના પદાર્થો, સંબંધો લાકડાની નાવ જેવા પોતે તરે અને તેમાં જે બેસે તેને પણ તારે. આ સમજણના કારણે પોતાના જીવનમાં ભવોદધિતારક તત્ત્વત્રયીને સર્વોપરિ માને. ગમે તે ગામમાં, નગરમાં, ગમે તે કારણે વ્યવહારના પ્રસંગે કે વ્યાપારના કામે જાય તો પહેલાં દેરું શોધે. ત્યાં જાય, દર્શન કરે, ઉપાશ્રય હોય અને તેમાં ગુરુ ભગવંત હોય તો અચૂક વન્દન કરે, પછી જ પોતાના કામે વળગે. સર્વત્ર ધર્મને, પ્રભુને, પ્રભુના શાસનને આગળ કરીને જ ચાલે, જીવે પોતાના ઘરની કપડાંની ખરીદી કરવા જાય પોતાના ઘરના કપડાં ૮૦૦–૧૦૦૦ ના ખરીદવાના હોય તો પહેલા પ્રભુજીના અંગવસ્ત્રનું કાપડ લે. ભલે તે બે મીટર જ મલમલ લે પણ પહેલાં પ્રભુજીનું વસ્ત્ર પછી મારી વાત આવું તે માને. ઘરના વાસણ લેવા જાય તો તુર્ત ગુરુ મહારાજના પાત્રા પહેલા યાદ કરે, સાચા વાસણ તો આ એવું માને. એપ્રિલ-મે માં ઉઘડતી નિશાળે દીકરા-દીકરીના ધોરણ પ્રમાણે નોટો-ચોપડીઓ ખરીદવા જાય તો પહેલાં એકાદ એકસેસાઈઝ બુક, એકાદ પેન ગુરુ મહારાજને શ્રુતજ્ઞાનની વૃદ્ધિ માટે ખરીદે પછી જ છોકરાના ચોપડા. અરે ! કાગળ લખે ને તો પણ ભલે પોતાના સાંસારિક કે દુકાનના કામ અંગેનો કાગળ હોય તો પણ છેલ્લે જેમ તમે ઘોડીયામાં રમતાં બાળકને રમાડશો એમ લખો ને ! તેવી જ રીતે તે લખ્યા પછી પણ રોજ દેવદર્શન-પૂજન, ગુરુવંદન અને સુપાત્રનો લાભ લેતા રહેજો આવી ટાંક આવે જ.

જીવનમાં સર્વોપરિ માન્ય છે એટલે પોતાનું નવું ઘર બનાવે કે રિનોવેશન કરાવે તો ૧૦ ટકા તો જિનાલયના જીર્ણોદ્ધાર માટે ફાળવે જ. તે જ રીતે દુકાન નવી લે કે બનાવે અથવા મરામત કરાવે તો પણ તેના ૧૦ ટકા જેટલી રકમ ઉપાશ્રય માટે ફાળવે આમ કરવાથી વ્યવહારમાં ધર્મ વણાય છે તેથી પરલોકમાં પ્રભુનું શાસન અંકે થાય છે.

આ આપણો નિશ્ચય છે કે હવે પછીના તમામ ભવોમાં પ્રભુ અને પ્રભુનું શાસન જોઈએ જ છે. તેના અનેક રસ્તા પૈકીનો આ એક સરળ રસ્તો છે.

આવા સમ્યગ્દર્શન ગુણની ઉપલબ્ધિ પ્રાપ્તિનું કારણ સમ્યગ્જ્ઞાન છે. આવા સમ્યગ્જ્ઞાનનું સ્વરુપ કેવું છે, આ આત્માનો ગુણ કેવી રીતે પ્રકટી શકે વગેરે અધિકાર શાસ્ત્રકાર મહારાજા કઈ રીતે સમજાવશે તે.

અગ્રે અધિકાર વર્તમાન.

આપણા અહંના કારણે કોઈ વ્યક્તિના સાચા પણ ગુણોનો ગુણોની આપણે જો દિલથી પ્રશંસા ન કરી શકતા હોઈએ તો એ વ્યક્તિમાં રહેલા સાચા દોષોની નિંદા કરવાથી આપણી જાતને આપણે દૂર રાખતા શીખી જ લેવું જોઈએ. આટલું થશે તોય વ્યક્તિઓ સાથે નાહક ઊભી થઈ જતી દુશ્મનાવટો સ્થગિત થઈ જશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

## શ્રી સિદ્ધ ભુવન મનોહર પશુ–પક્ષી ભવનનું ઉદ્ઘાટન

શ્રી શંખેશ્વરજી તીર્થથી દક્ષિણે ૧૦ કીલોમીટર આવેલા પંચાસર ગામે, પૂજ્ય ગુરુદેવ મુનિરાજ શ્રી ભુવનવિજય મહારાજના શિષ્ય (સંસારી પુત્ર) પૂજ્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ તથા (તેમના સંસારી માતુશ્રી) વયોવૃદ્ધ સાધ્વીજી મહારાજ શ્રી મનોહરશ્રીજી મહારાજની પ્રેરણાથી શેઠશ્રી કીર્તિલાલ મણિલાલ મહેતા પરિવાર તરફથી શરૂ થયેલા (પંચાસર મહાજન પાંજરાપોળ) સંચાલિત શ્રી સિદ્ધ-ભુવન મનોહર પશુ-પક્ષિ ભવનનું ઉદ્ઘાટન શ્રીમાન શેઠશ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ લાલભાઈના વરદ હસ્તે વિ. સં. ૨૦૪૮ કાર્તિક સુદ ૧૦ તા. ૧૭-૧૧-૯૧ ના રવિવારના દિવસે થયેલ છે, તે ઉપરાંત નીચે જણાવેલા પાંચ ગ્રંથોનું પ્રકાશન (વિમોચન) પણ શ્રીમાન શેઠશ્રી શ્રેણિકભાઈના હસ્તે જ થયેલ છે.

૧-૪ પાટણ શહેરમાં આવેલા મુખ્ય જૈન ગ્રંથ ભંડારોમાં રહેલા તાડપત્ર તથા કાગળ ઉપર લખેલા સર્વ (લગભગ ૨૪૦૦૦) હસ્ત લિખિત ગ્રંથોનું વિગતવાર સૂચિપત્ર (અકારાદિક્રમ સાથે.) ભાગ ૧, ૨, ૩, ૪. કોમ્પ્યુટર પદ્ધતિ તૈયાર કરવામાં આવેલ છે.

૫. પાતંજલ યોગદર્શન (પૂજ્યપાદ ન્યાયવિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત વૃત્તિ સહિત) યોગવિંશિકા (પં. સુખલાલજીએ લખેલા હિંદી વિવેચન સહિત.)

પ્રારંભના ચાર ગ્રંથોની સંકલના સ્વ. પૂજ્યપાદ આગમ પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબે કરેલ છે અને તેનું સંપાદન પૂજ્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે કરેલું છે.

આ પાંચેય ગ્રંથોનું પ્રકાશન શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર "દર્શન" શાહીબાગ. અમદાવાદ તરફથી થયેલ છે.

આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર શ્રી જિતેન્દ્રભાઈ શાહે પાંચેય ગ્રંથોનું મહત્ત્વ સમજાવ્યું હતું, તથા આ પ્રસંગે શેઠશ્રી શ્રેણિકભાઇ કસ્તૂરભાઇ. શેઠશ્રી પ્રતાપભાઈ ભોગીલાલ મુંબઇ, શેઠશ્રી શશિકાન્ત મહેતા રાજકોટ, શેઠશ્રી નરેન્દ્રપ્રકાશ જૈન દિલ્હી, શેઠશ્રી અરવિંદભાઇ પન્નાલાલ, શેઠશ્રી ઉત્તમ મહેતા ટોરેન્ટ લેબોરટરી, શેઠશ્રી નગીનભાઈ ગાંધી આદિ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રસંગે દર્શન પ્રભાવક, શ્રુતસ્થવિર, જ્ઞાન તપસ્વી વિદ્વાન મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અહિંસા અને જ્ઞાનનું મહત્ત્વ સમજાવ્યું હતું. અહિંસા એ શ્રેષ્ઠ ધર્મ છે તથા જ્ઞાન દ્વારા અહિંસા આચારમાં આવી શકે છે તેમ જણાવ્યું હતું. જૈન ધર્મના ભંડારોમાં અનેક મૂલ્યવાન ગ્રન્થ રત્નો છે કે જેના અધ્યયન કે અભ્યાસથી આત્માને શાંતિ તથા સુખ પ્રાપ્ત થઇ શકે તેમ છે માટે આત્મસાધના માટે પણ જ્ઞાનનો પ્રચાર થવો જરૂરી છે તેમ જણાવ્યું હતું.

## જૈન ડાયજેસ્ટના સંવાદદાતા :– ડૉ. શેખરચંદ્ર જૈન

ઉત્તર અમેરીકાથી પ્રકાશિત અંગ્રેજી ભાષાના ત્રૈમાસિકના ભારત ખાતેના સંવાદદાતા તરીકે ડૉ. શેખરચંદ્ર જૈનની જૈન-ઇન્ટરનેશનલ દ્વારા નિયુક્તિ થઇ છે. અંકમાં સમાચાર કે લેખ પ્રકાશિત કરાવવા કાગળની એક બાજુ સ્વચ્છ અક્ષરોમાં નીચેના કોઇ એક સરનામે મોકલવા વિનંતિ. અંગ્રેજીમાં સમાચાર મોકલશો તો વધુ સુવિધા રહેશે.

(૧) ડૉ. શેખરચંદ્ર જૈન
૯/ ઉમિયાદેવી સોસાયટી નં. ૨
અમરાઇવાડી અમદાવાદ
૩૮૦૦૨૬ (ગુજરાત)
ભારત
ફોન નં. (૦૨૭૨)–૩૬૮૦૧૧

(૨) ડૉ. લલિત શાહ
૨૧/ સૌમ્ય એપાર્ટમેન્ટ
અમદાવાદ–૩૮૦૦૧૪
(ગુજરાત)
ભારત
ફોન નં. (૦૨૭૨)–૪૬૫૧૨૯

જે લેખક પ્રકાશક પોતાના પુસ્તકની સમીક્ષા કરાવવા માંગતા હોય તેઓએ બે પ્રતો અવશ્ય મોકલવી.

## શોકાંજલિ

શેઠશ્રી દેવચંદ તારાચંદ દોશી (સનાળીયાવાળા) સંવત ૨૦૪૭ ના આસો સુદ છઠ્ઠ તારીખ ૧૩-૧૦-૯૧ ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ધાર્મિક વૃત્તિવાળા અને મિલનસાર સ્વભાવના હતા તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો સમવેદના પ્રગટ કરીએ છીએ તેઓશ્રીના આત્માને પરમ શાન્તિ મળે એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તર ગુજરાત યુનીવર્સિટીના કુલપતિ શ્રી કુલીનચંદ્રભાઇ સાહેબે પ. પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબને જે પત્ર લખેલ છે. તે પત્ર સંપૂર્ણ રીતે, પ. પૂ. મહારાજ સાહેબની ઇચ્છાથી, શ્રી કુલપતિ સાહેબની ભાવનાનો દરેક જૈન સંઘને તેમજ ઉદાર ભાવનાવાળા શ્રી જૈન શેઠશ્રીઓને ખ્યાલ આવે તે માટે નીચે છાપેલ છે.

# ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

રાજમહેલ રોડ, પો. બો. નં. ૨૧ પાટણ-૩૮૪૨૬૫ (ઉ. ગુ.)
નં, કુક/ગ્રંથ/૭૯૬૫ /૯૧ તા. ૨૦-૧૧-૯૧ ટેલીફોન નં ૩૪૨૭

પૂજ્ય મહારાજશ્રી,

તા. ૧૭ મીના મહોત્સવમાં હું ન આવી શકવા બદલ ક્ષમા પ્રાર્થી છું. એક ઉત્તમ લાભ ગુમાવ્યો. તેનો રંજ પણ છે, અમારા કુલસચિવ શ્રી બારડે આપનો સંદેશો કહ્યો. આભાર.

આપને જાણીને આનંદ થશે કે ૯ મી શતાબ્દીનાં પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે ઉત્તર ગુજરાત યુનિવાસટીને 'હેમચંદ્રાચાર્ય ચેર' આપવામાં આવશે. કમનસીબે તેની વિધિવત મંજૂરીમાં અને સ્થાપનામાં વિલંબ થઈ રહ્યો છે, પરંતુ તેને માટે અમારો સબળ પ્રયત્ન ચાલુ છે અને સંભવત: આગામી શૈક્ષણિક વર્ષથી તેની સ્થાપના થાય અને તેને આનુશાંગિક સંસ્કૃત, પ્રાકૃત અને ભારતીય વિદ્યાનો અનુસ્નાતક વિભાગ અત્રે શરુ થઈ શકે તેવો પ્રયત્ન છે. આ વિભાગ શિક્ષણ અને સંશોધન બન્ને કાર્ય કરશે, અને સંશોધનના પ્રોજેકટો પણ હાથ ધરશે. આપની માહિતી માટે આ યુનિવર્સિટીના પખવાડિક વૃત્તપત્ર 'ઉદીચ્ય' ના અંકો તથા સંશોધન પત્ર 'આનર્ત' નો બીજો અંક આ સાથે મોકલું છું. આશા છે કે આપને તેમાં રસ પડશે.

આપને એ જાણીને પણ આનંદ થશે કે હેમચંદ્રાચાર્ય ચેર મંજૂર થયેલ નથી છતાં તે સિવાય પણ આચાર્યશ્રીને વર્ષોવર્ષ શ્રદ્ધાંજલિ અર્પવાનો કાર્યક્રમ યુનિર્સિટીએ વિચાર્યો છે. આ માટે આ વર્ષે, આવતી કાલે, કાર્તિકી પુર્ણિમાને દિવસે એક ત્રેવડો સમારંભ યોજ્યો છે જેમાં આચાર્યશ્રીને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ, યુનિવાસટી પરીક્ષાઓમાં સર્વ પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકોનું પ્રદાન થશે અને 'આનર્ત' ના બીજા અંકનું વિમોચન થશે. દર વર્ષે યુનિવર્સિટીના આ મહત્ત્વના કાર્યને આચાર્યશ્રીની પૂણ્ય સ્મૃતિ સાથે જોડીને તમને યોગ્ય અંજલિ અપાય તેવી ધારણા છે. યુનિવર્સિટીની વિદ્યાકીય પ્રવૃત્તિઓમ આ સૌથી મ્પગત્યનો પ્રસંગ છે અને માત્ર પાટણ જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતના ભૂષણ એવા આચાર્યશ્રીની સ્મૃતિ સાથે એને જોડવાનું ઉચિત જ લાગે છે.

( અનુસંધાન ટાઇટલ પેજ ૪ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( અનુસંધાન ટાઈટલ પેજ ૩ નું ચાલુ )

એક વિચાર આવે છે. યુનિવર્સિટી અંતર્ગત સંશોધન પ્રવૃત્તિ થશે તેના પરિણામ રૂપે પ્રકાશન પ્રવૃત્તિ પણ થવી જોઈએ. અને તેથી 'આનર્ત' ઉપરાંત અન્ય સંશોધન લેખો, મહાનિબંધો, વગેરેનું પ્રકાશન થતું રહે એ અત્યંત આવશ્યક છે. મારો અંગત વિચાર એવો છે કે આ માટે સરકારી અનુદાનો ઉપર આધાર રાખવાથી વિલંબ અને અનિશ્ચિતતાઓ સંભવે છે. તેને બદલે શરુઆત તરીકે એક સારું પ્રકાશન ફંડ અસ્તિત્વમાં આવે તો તેમાંથી આ કાર્ય સુપેરે થશે. પ્રાથમિક વિચારણા મુજબ જો રૂા. ૫ લાખનું અનુદાન મળે તો તેના વ્યાજમાંથી વર્ષે-દિવસે અંદાજે ૪૦૦ પાના જેટલું સંશોધન સાહિત્ય પ્રગટ કરી શકાય જે આ નવીન યુનિવર્સિટી માટે હાલ પુરતું પર્યાપ્ત ગણાય. આ પ્રકાશન સાહિત્યમાં 'આનર્ત' નું પ્રકાશન અને તે ઉપરાંત અન્ય લેખો, વ્યાખ્યાનો વગેરે પ્રસિદ્ધ કરી શકાય. આવું એન્ડોવમેન્ટ રચાય તો યુનિવર્સિટી માટે પણ એક નક્કર કમિટમેન્ટ થાય. આવા પ્રકાશન ફંડની સાથે દાતાનું નામ અથવા યોગ્ય રીતે શ્રી હેમચંદ્રાચાર્યનું નામ જોડી શકાય. અને દરેક પ્રકાશનમાં તેમના નામની પ્રકાશનમાળાનો ઉલ્લેખ કરી શકાય. અથવા તેને 'સિદ્ધહેમ પ્રકાશન ફંડ' અને 'સિદ્ધહેમ પ્રકાશનમાળા' એવું નામ આપી શકાય. આપને આ વિચાર પસંદ તો હશે જ. આ પ્રવૃત્તિને આપના આશીર્વાદ મળે તેવી પ્રાર્થના છે.

સામેલ :- ઉદ્દેશ્ય આનર્ત

સ્નેહાધીન,

કે. પો. યાજ્ઞિકના વંદન

પ્રતિ,

પૂજ્ય મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ,
જૈન વાસ, મુ. પંચાસર
તા. સમી જી : મહેસાણા
પીન-૩૮૨ ૭૫૦

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only